રજુ કર્યા તારીખ : ૦૯/૦૩/૨૦૨૫
દાખલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૫
ફેસલ તારીખ : ૦૬/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
૦૧ ૦૨ ૦૮

सत्य मेव जयते

# ગીરગઢડાનાં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–ગીરગઢડા

| | |
|---|---|
| ક્રિમીનલ કેસ નં.:– | ૨૮૧/૨૦૨૫ |
| ગુના રજી.નં. :– | ફ.૧૧૧૮૬૦૦૧૨૪ ૦૫૦૯/૨૦૨૪ |
| પો.સ્ટે.નું નામ:– | ગીરગઢડા |
| આંક:– | |

**ફરીયાદી** : સ ર કા ર

**–– વિરૂઘ્ધ ––**

**આરોપીઓ** : રાજુભાઈ ખીમજીભાઈ સરવૈયા,
રે.ખીલાવડ, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ

---

**સરકારપક્ષે એ.પી.પી. : એન.જે.જેઠવા**
**આરોપી તરફે વિ.વ.શ્રી : પી.યુ.જોગદીયા**

---

**ગુનો : <u>આઈ.પી.સી.ની કલમ–૩૭૯ મુજબ...</u>**

**(૧) પ્રસ્તાવના :–**

આ કામના આરોપી વિરૂઘ્ધ તારીખ : ૦૧/૬/૨૦૨૪ ના રોજ ગીરગઢડા પોલીસ સ્ટેશન પાર્ટ ફ. ગુના રજી. નં.ફ.૧૧૧૮૬૦૦૧૨૪૦૫૦૯/૨૦૨૪ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ: ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**(૨) ફરીયાદની ટુંકમાં હકીકત :–**

ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૧ /૦૬/૨૦૨૪ ના કલાક ૧૯:૩૦ વાગ્યી આસપાસ આ કામના ફરીયાદીએ પોતાની મોટર સાયકલના સ્ટેરીંગ ઉપર રાખેલ પર્સમાંથી પોતાની માલીકીનો મોબાઈલ ફોન સેમસંગ

ગેલેક્ષી એ૩૦ એસ જેના ઈ.એમ.ઈ.આઈ. નં. 351716112316498 જેની કિ.રૂા.૧ ૦,૦૦૦/−વાળો આરોપી ચોરી કરી લઈ જઈ ગુનો કરી પાર્ટ ફ. ગુના રજી. નં.૧૧૧૮૬૦૦૧ ૨૪૦૫૦૯/૨૦૨૪ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ: ૩૭૯ મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત. ક. અ. એ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૩) કેસની કાર્યવાહી**

ચાર્જશીટ દાખલ થતાં કોર્ટ ધ્વારા આરોપી વિરૂધ્ધ કોગ્નાઈઝન્સ લઈ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો અને આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલી અને ત્યારબાદ આંક−૦૫ થી તહોમતનામું ફરમાવી આં ક−૦૬ થી આરોપી ની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેના ગુન્હા સબબ ઈન્કાર કરતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ ગુનો પુરવાર કરવા માટે કેવો અને કેટલા પ્રકારનો પુરાવો રજુ કરેલ છે તેનો ઉલ્લેખ કરવો આવશ્યક છે જે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**<u>−: ફરીયાદ પક્ષના સાક્ષીઓની જુબાનીનો આંક:−</u>**

| ક્રમ | નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | અલ્પેશભાઈ વીનુભાઈ ગળચર | ફરીયાદી | ૧૯ |
| ૨ | રણછોડભાઈ કરમશીભાઈ ડાભી | પંચ સાહેદ | ૨૯ |
| ૩ | ફીરોજભાઈ અલ્લારખાભાઈ શમા | પંચ સાહેદ | ૩૧ |

**<u>−: દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ:−</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૦ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૩૦ |

(૬) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ −૩૫૧

અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. સદર કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનું થયેલ ત્યારે સ્ટેટ ઓફ પંજાબ વિ. હરિસિંહ અને બીજા એ.આઇ.આર. ૨૦૦૯, સુપ્રિમ કોર્ટ ૧૯૬૬ માં સ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપીનું વિશેષ નિવેદન કોર્ટ રૂબરૂ નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને તેઓ સામે હાલનો ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે, જયારે સોંગદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા પણ ઈન્કાર કરેલ છે. આમ, બચાવપક્ષે તેઓના બચાવમાં કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

(૭) ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષનો કેસ, આરોપીઓનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થયેલ છે.

<u>**::- મુદ્દાઓ -::**</u>

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૧/૦૬/૨૦૨૪ ના કલાક ૧૯:૩૦ વાગ્યી આસપાસ આ કામના ફરીયાદીએ પોતાની મોટર સાયકલના સ્ટેરીંગ ઉપર રાખેલ પર્સમાંથી પોતાની માલીકીનો મોબાઈલ ફોન સેમસંગ ગેલેક્ષી એ૩૦ એસ જેના ઈ.એમ.ઈ.આઈ. નં. 351716112316498 જેની કિ.રૂા.૧૦,૦૦૦/-વાળો આરોપી ચોરી કરી લઈ જઈ ગુનો કરી ઈન્ડીયન પીનલ કોડની કલમ: ૩૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

**૨.** શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.
(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ.

<u>**-: કા ર ણો :-**</u>

<u>**(૯)મુદા .૧, ૨ :-**</u>

**(૯.૧) ફરીયાદી :-**

ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામમાં ફરીયાદી અલ્પેશભાઈ વીનુભાઈ ગળચર નાઓને આંક-૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,''બનાવ તા.૦૧/૦૬/૨૪ ના રોજ બનેલો. બનાવના દિવસે સાંજ ના સાત સાડા સાત વાગ્યાના અરસામા હું ખીલાવડ ગામની સ્ટ્રીટલાઈટ ચાલુ કરવા માટે ગ્રામ

પંચાયત કચેરીના મેદાનમા ગયેલો અને તે સમયે આ મેદાનમા મારી મોટર સાયકલ રાખેલી અને તેના સ્ટેરીંગમા મે મારો થેલો રાખેલો જેમા મારો મોબાઈલ રાખેલો હતો અને હું આ સ્ટ્રીટ લાઈટ ચાલુ કરીને પરત આવેલો અને હું મારી મોટર સાયકલ લઈ મારા ઘરે જતો રહેલો અને બાદમા મે આ થેલામા જોતા મારો મોબાઈલ મળી આવેલ નહી જેથી મે તા.૨/૬/૨૦૨૪ ના રોજ આ બાબતે મે પોલીસમા અરજી આપેલી અને પછી મે આ મોબાઈલ બાબતે તપાસ કરેલી બાદમા પોલીસે ઈ–એફઆઈઆર દાખલ કરેલી અને બાદમા પોલીસે મને થોડા દીવસ પછી જણાવેલ કે તમારો મોબાઈલ ખીલાવડ ગામના રાજુભાઈ ખીમજીભાઈ સરવૈયા એ ચોરેલો અને આ રાજુભાઈ પાસેથી મારો મોબાઈલ કબ્જે લીધેલો. આ મારા ચોરાયેલ મોબાઈલ જીયો કંપનીનું સીમકાર્ડ હતુ અનેતેના નંબર ૯૭૨૩૩ ૨૫૩૦૦ હતા. આ મોબાઈલ સેમસંગ કંપનીનો એએસ–૩૦ હતો જે ગેલેકસી સીરીજનું મોડલ હતુ. જેના આઈએમઈઆઈ નંબર મને હાલ યાદ નથી. મને આજરોજ કોર્ટ ફાઈલમાથી એક અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૦ થી રજુ કરેલ છે. આ સીવાય પોલીસે મારી હાજરીમા બીજી કોઈ કાર્યવાહી કરેલી નહી. આરોપીને ઓળખે છે.''

પરંતુ ઉલટતપાસમાં જણાવે છે કે, ''એ વાત ખરી છે કે આરોપી મારા ગામનો હોય જેથી હું તેને ઓળખું છું. એ વાતખરી છે કે મે મારી ફરીયાદમા કોઈ ચોરી કરનારનું નામ જણાવેલ નહી. એ વાત ખરી છે કે હું ખીલવડ ગ્રામ પંચાયતનો સભ્ય છુ. એ વાત ખરી નથી કે અમારે પંચાયતના સભ્યો તથા ગામના લોકો વચ્ચે માથાકુટો થતી હોય છે. એ વાત ખરી નથી કે મારે તથા ખીલાવડ ગામના અનુસુચિત જાતીના લોકો વચ્ચે અગાઉ કોઈ માથાકુટો થયેલી. એ વાત ખરી નથી કે આ કામના આરોપી, તેમના પિતા અને મારા વચ્ચે પંચાયતના કામકાજ બાબતે બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે મે મારા થેલામાથી કોઈ ઈસમ મોબાઈલ કાઢીને ચોરી કરીને લઈ જતો હોય તેવું નજરોનજર જોયેલ નથી. એ વાત ખરી છે કે સદર મોબાઈલ મારા માલીકીનો હોવા બાબતનો કોઈ બીલ મે આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારુ આવું બીલ ખોવાય ગયેલ છે. એ વાત ખરી નથી કે મારે અને આરોપી વચ્ચે મનદુખ હોય તેથી પોલીસ ઉપર દબાણ લાવીને આરોપી વિરુધ્ધ હાલની આ ખોટી ફરીયાદ દાખલ કરાવેલ છે. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ

નથી તેમ છતા હાલની ખોટી ફરીયાદ આપી તેના સમથનમા આજરોજ ખોટી જુબાની આપુ છુ. ''

આમ, ફરીયાદી ની જુબાની ધ્યાને લેતાં તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય અને બનાવમાં તેમનો મોબાઈલ કોણ ચોરી ગયેલ છે તે ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં ફરીયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે, તેમનો મોબાઈલ કોણ ચોરી કરીને લઈ ગયેલ છે તે નજરો નજર જોયેલ નથી કે સદર મોબાઈલ ફરીયાદીની માલીકીનો હોવા બાબતનો પુરાવો રજુ કરેલ નથી. ત્યારે ફરીયાદીની જુબાની ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બનતી નથી. વધુમાં આરોપી જ સદરહુ મોબાઈલની ચોરી કરેલ છે કે કેમ તે ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી.

**(૯.૨)** વધુમાં ફરીયાદપક્ષે પંચસાહેદ ને આંક–૨૯, ૩૧ થી જુબાની જોતા તેઓ આંક–૩૦ ના પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. તેમની વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી. તેમજ આરોપીપક્ષ દવારા કરવામાં આવેલી ઉલતપાસ માં પણ ફરીયાદપક્ષના કે સને મદદરુપ થઈ શકે તેવો પુરાવો આપેલ નથી.આમ, સદર પંચસાહેદના પુરાવાથી સદર પંચનામુ પુરવાર થતુ નથી.

(૧૦) આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ રજુ થયેલ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપીએ બનાવમાં મોબાઇલ ની ચોરી કરેલ હોય તેવુ સાબીત થતુ ન હોય ત્યારે મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે. જ્યારે મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના **આરોપી રાજુભાઈ ખીમજીભાઈ સરવૈયા, રે.ખીલાવડ, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ** નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૪(૧) અન્વયે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ સંભવિત અપીલના હેતું માટે આરોપીઓના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો છ

માસના સમયગાળા માટે અસ્તિત્વમાં રહેશે. ત્યારબાદ આરોપીના જામીન રદ કરી જામીનદારને મુકત કરવા.

(૩) વધુમાં સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતી નં.૧૧૨/૨૦૨૪ માં જણાવેલ મોબાઈલ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવો અન્યથા મોબાઈલની માલીકી અંગે ખરાઈ કરી પરત સોંપવો.

હુકમ આજ તારીખ: ૦૬**–મી માહે– જુન, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૦૬/૦૬/૨૦૨૬
સ્થળ – ગીરગઢડા

**(હાર્દિક એમ.વેષ્ણવ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
ગીરગઢડા
જજ કોડ નં.જીજે૦૧૫૩૦